ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૧-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### 'અય મેરે વતન કે લોકો...' એક અમર ગીતની અર્ધશતાબ્દી

આઝાદીનાં સડસઠ વર્ષ વીતી ગયા પછી પણ પચાસ વર્ષ પૂર્વે કવિ પ્રદીપની કલમે રચાયેલું અને સ્વર કોકિલા લત્તા મંગેશકરના કુમાશભર્યા કંઠે કોળેલું ગીત 'અય મેરે વતન કે લોગો...' આજે એટલું જ પ્રસ્તુત રહ્યું છે. આજે પણ એ શબ્દોનું અનુગુંજન કાનમાં અમૃત ઘોળે છે અને પાંપણ ભીંજવે છે. પંડિત જવાહરલાલ નહેરુ પોતે એક સંવેદનશીલ વિભૂતિ હતા. ૧૯૬૨માં પાડોશી દેશ ચીને ભારતની સરહદો સળગાવીને એમના 'પંચશીલ'ના કરાર પર પીઠ પાછળ ઘા માર્યો હતો. તત્કાલીન ચીની વડાપ્રધાન ચાઉએન-લાઈએ જાતે જ પ્રચારિત કરેલું 'હિંદી-ચીની ભાઈ-ભાઈ'નું સૂત્ર રાતોરાત એનો અર્થ ગુમાવી બેઠું હતું. સમગ્ર વિશ્વમાં ચીનના આક્રમણ સામે આક્રોશ જાગી ઊઠ્યો હતો. ઊંઘતી ઝડપાયેલી ભારતીય સેનાએ ભારે પરાક્રમ દાખવ્યા પછી અને ભારે ખુવારી વેઠ્યા પછી ચીની સેના સામે નામોશીભરી હાર ખમવી પડેલી. પંડિત નહેરુની વહારે ધાયેલા એમના પરમ શુભચિંતક અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ જોહન ફિટઝરાલ્ડ કૅનેડીએ લાલ આંખ કરી ત્યારે ચીનની સાન ઠેકાણે આવી હતી. જો કે ચીન ડ્રેગન આટલાં વર્ષ પછી પણ ભારતની કબજે કરેલી જમીન ખાલી કરતું નથી, ઊલટાનું એ નવા નવા દાવા કરતું રહે છે. લેહ-લદાખ અને અરુણાચલ જેવા પ્રદેશોમાં ઘૂસણખોરી કરતું રહે છે. પં. નહેરુની હાજરીમાં પચાસ વર્ષ પૂર્વે યુવાન લતાદીદીએ ગાયેલા ગીતનું પુનઃ ગાયન કોંગ્રેસનો સફાયો કરવાના સોગંધ ખાઈને આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયેલ નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિમાં વિશેષ ઉદ્દેશપૂર્વક થઈ રહ્યું હોય ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રજા અડધીસદીના ઈતિહાસમાં પાછા પગલે ડોકિયું કરવાની ચેષ્ટા કરે. કોંગ્રેસની નિષ્ફળતાઓ અને સફળતાઓનાં લેખાંજોખાં લેવાઈ રહ્યાં છે. ભાજપના નેતા ઊજળા ભવિષ્યનાં સપનાંનો વેપાર કરવામાં માહેર છે. કોંગ્રેસને એના શાસનકાળની સિદ્ધિઓનું સરખું માર્કેટીંગ કરતાં નથી આવડતું. એની પાસે એક જ પરિવારને આશ્રિત રાજકારણ છે, જેની વિરુદ્ધ નરેન્દ્ર મોદીની જેમ અદના મતદારના મનમાં પણ પ્રશ્નો જ પ્રશ્નો છે. જાણ્યે અજાણ્યે રહેલા પં. નહેરુની 'લાર્જર ધૅન લાઈફ સાઈઝ' પ્રતિભાનું અનુકરણ કરી રહેલા નરેન્દ્ર મોદી અલબત એમની 'ગુડ ગવર્નન્સ' માટે જાણીતા છે. તેઓ કોંગ્રેસને સતત ભાંડતા ફરે છે, પરંતુ એને આટલાં વર્ષો સુધી આ દેશની પ્રજાએ જ શાસનનાં સૂત્રો સોંપ્યા હતાં, તે વાત પોતે ભૂલી જાય છે. જે કામ કોંગ્રેસ સાઠ વર્ષના શાસનકાળમાં ન કરી શકી તે પોતે સાઠ મહિના અર્થાત પાંચ વર્ષમાં કરી બતાવવાનો દાવો ઠોકે છે. પ્રજાના ઘણા વર્ગો એમનાથી આકર્ષાયા છે. એમની રેલીઓમાં લોકો ટિકિટ ખર્ચીને પણજવાનું પસંદ કરે છે. નરેન્દ્ર મોદીને આવા પ્રશંસકો વિષમ સંજોગોમાંથી દેશને ઉગારી શકવાની ક્ષમતા ધરાવતા તારણહાર સમજી બેઠા છે. આવા પ્રશંસકોમાં કૌશાંબી ખાતે એમનું 'નમો નમો મંદિર' બનાવી એમની પાષાણ પ્રતિમાને પૂજનારા અને નમો ચાલીસા ગાનારા ખુશામતખોરોથી લઈ ભારત રત્ન લતા મંગેશકર અને અમિતાભ બચ્ચન જેવી હસ્તીઓ સામેલ છે. ચીની આક્રમણમાં જાન ફેસાની કરનારી કુમાઉં રેજિમેન્ટના સૈનિકોના સન્માનમાં રચાયેલા અને રામલીલા મેદાનમાં નહેરુ સમક્ષ ગવાયેલા પ્રદીપ રચિત ગીતની સુવર્ણ જયંતિ લતા મંગેશકર નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં મુંબઈ ખાતે એક લાખ લોકોની હાજરીમાં ગાય છે તે પણ સમયની બલિહારી છે. મુંબઈ ખાતે લતા મંગેશકર એમનું નહેરુને રડાવી ગયેલું ગીત પચાસ વર્ષ પછી નરેન્દ્ર મોદીની હાજરીમાં ગાવા તૈયાર થયાં હોય તો તે કોઈ સાધારણ ઘટના નથી. એનું અર્થઘટન કરવા જેટલી આવડત પણ કોંગ્રેસની નેતાગીરી ગુમાવી બેઠી હોય તો એના ભવિષ્ય વિશે જનમાનસમાં પ્રશ્નાર્થ ચિહ્નો ઊભાં થાય તે સ્વાભાવિક છે. ભલે આ બધો કાર્યકલાપ નરેન્દ્ર મોદીની માર્કેટીંગ કળાનો જ પ્રતાપ કેમ ન હોય, પરંતુ સંવેદનશીલ લોકસમુદાય પર લતા મંગેશકર જેવી દંતકથારૂપ બની ચૂકેલી પ્રતિભાની પસંદગી- નાપસંદગીનો પ્રભાવ તો પડતો જ હોય છે. લતા મંગેશકરના વતનના લોકો એમના તારણહાર તરીકે કોઈ એક જ વ્યક્તિ સામે મીટ માંડી રહે તે ઘટના અલબત્ત, લોકશાહી માટે જોખમી પણ ખરી.

# શહેરમાં પ્રજાસત્તાક પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લામાં ૬૫મા પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ, સ્કૂલ, કોલેજોમાં હર્ષોલ્લાસ


સ્કૂલ ઓફ એચિવર

સાથે પર્વની ઉજવણી કરી રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી.

ભારત દેશના ૬૫માં પ્રજાસત્તાક પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ સંસ્થાઓ અને સરકારી અને ખાનગી શાળાઓમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી હતી.

**● સે. ૨૧ માઉન્ટ કાર્મેલ સ્કૂલ**

સેક્ટર-૨૧ની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ડૉ. પ્રિયાંગ વોરાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની સાથે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા, સ્થિરતા અને સુરક્ષાની પ્રાર્થના સાથે વિશ્વશાંતિનો


માઉન્ટ કાર્મેલ સ્કૂલ

સંદેશ આપવામાં આવ્યો હતો.

**● રાંદેસણ પ્રા. શાળા**

રાંદેસણ પ્રાથમિક શાળામાં પોપટસિંહ ગોહિલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ શંકરસિંહ ગોહિલે ગ્રામજનોને શિક્ષણ પર ભાર મુકવા અને વ્યસનથી દૂર રહેવા જણાવ્યુ હતુ. સમારોહમાં મોટી સંખ્યામાં ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**● જાગૃત વસાહત ફોરમ સે. ૧૪**

પ્રજાસત્તાક પર્વની ઉજવણી જાગૃત વસાહત ફોરમ દ્વારા પણ કરવામાં આવી હતી. સંસ્થાના કાર્યાલય ખાતે ધ્વજ લહેરાવ્યો હતો. બાળકોએ રાષ્ટ્રીય શૌર્યગીતો ગાયા હતા. આ પ્રસંગે બાળકોને બિસ્કીટ વિતરણ કરવામાં આવ્યા હતા . જેમાં એરફોર્સ ઓફિસર ઉમેશ ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા.

**● સ્કૂલ ઓફ એચિવર**

સ્કૂલ ઓફ એચિવર કુડાસણ ખાતે ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ કર્યુ હતુ. વિદ્યાર્થીઓએ 'મેરે દેશ કી ધરતી' ગીત પર સમૂહ ગાન કરવામાં આવ્યું હતું અને આઝાદ ભારત આબાદ ભારત થીમ પર ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ભાગ લિધેલ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.



સ્કૂલ ઓફ એચિવર

**● એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ, સે. ૨૩**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ કોલેજમાં મફતલાલ પટેલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.જેમાં વિદ્યાર્થીઓએ દેશના અલગ-અલગ રાજ્યોના લોકનૃત્યોની ઝાંખી કરાવી હતી. સાથે વિદ્યાર્થીઓએ કડી વિદ્યાલયની પણ ઝાંખી કરાવી હતી.

**● એમ.બી. પટેલ વિદ્યાલય, વાવોલ**

વાવોલની એમ.બી. પટેલ વિદ્યાલયમાં તાલુકા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ પટેલની અધ્યક્ષતામાં ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. શાળાના રંગમંચ પર વિદ્યાર્થીઓએ લોકનૃત્યો રજુ કર્યા હતા. કાર્યક્રમમાં શ્રી પટેલે શાળામાં ૫૧,૦૦૦નું દાન કર્યુ હતું. મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**● મધુર ડેરી, સે. ૨૫**

૬૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે મધુર ડેરી ખાતે ડેરીના મેનેજીંગ ડિરેક્ટર રોહિતભાઈ મહેતાના હસ્તે અધિકારીગણ, કર્મચારીઓની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે કર્મચારીઓને જણાવ્યું હતું કે, આપણે જે પણ સંસ્થામાં ફરજ બજાવીએ ત્યાં સંપૂર્ણ વફાદારી સાથે કામ કરીએ. મધુર ડેરી દ્વારા નગર પ્રદક્ષિણાના દોડવીરોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

**● વસાહત મંડળ, સે. ૭**

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની સેક્ટર-૭ વસાહત મંડળ દ્વારા શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળ દ્વારા 'જો હુ ૨૦૧૪માં વડાપ્રધાન થાઉ તો' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ભૂલકાઓથી લઈ મોટેરાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉત્સાહપૂર્વક સમગ્ર જિલ્લામાં ઉજવણી કરવામાં આવી હતી.

**● સરકારી વિનયન કોલેજ, સે. ૧૫**

ગાંધીનગર શહેરની સરકારી વિનયન કોલેજ સે. ૧૫માં પણ ભારે ઉત્સાહપૂર્વક ૬૫મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કોલેજના ગુજરાતીના અધ્યાપક હર્ષદભાઈ પરમારના હસ્તે


માઉન્ટ કાર્મેલ સ્કૂલ

ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રંસગે કોલેજના આચાર્ય નિયતિબેન મિસ્ત્રી અને કોલેજ પરિવારના સભ્યો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**● ઉદ્‍ગમ ટ્રસ્ટ**

બાળ વિકાસની પ્રવૃત્તિ સાથે સતત કાર્ય કરતી શહેરની ઉદ્‍ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સેક્ટર-૩૦ પ્રાથમિક શાળા ખાતે ટ્રસ્ટી મયુરભાઈ જોષીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીઓને પ્રજાસત્તાક પર્વનું મહત્વ સમજાવ્યું હતું.

## ચૌધરી કોલેજની વિદ્યાર્થિનીઓને રાજ્યપાલના હસ્તે ઈનામ એનાયત

ગાંધીનગર, તા. ૨૭

સેક્ટર-૭ની ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ અને ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને વાલીમંડળની મિટીંગ ગઈ ૨૫ જાન્યુઆરીના રોજ યોજવામાં આવી હતી.

૨૫ જાન્યુઆરી એટલે રાષ્ટ્રીય મતદાતા દિવસ. આ દિવસને દેશભરમાં મનાવવામાં આવે છે. તેમજ મતદારોને પોતાનો મત આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ત્યારે આ દિવસે ચૌધરી મહિલા કોલેજની વિદ્યાર્થિની ફ્લેશમોલ કેટેગરી-૩ સ્પર્ધામાં અનુપા પંડ્યા, અદિતી પટેલ, કોમલ શર્મા બીજુ સ્થાન મેળવી રાજ્યપાલના હસ્તે ઈનામ મેળવ્યા હતા.

તેમજ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને વાલીમંડળની મિટીંગ યોજાઈ હતી. મિટીંગમાં વિદ્યાર્થિનીઓએ પોતાનો ભૂતકાળ વાગોળ્યો હતો. આ કાર્યક્રમમાં મીનાબેન, હેમાંગીની વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

## નિસર્ગ સાયન્સ ખાતે સાયન્સ ક્લબ શિક્ષકોની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લામાં સાયન્સ ક્લબનું સંકલન કરવામાંઆવેછે. ત્યારે જિલ્લાની ૭૭ માધ્યમિક શાળાના શિક્ષકોની તાલીમ શિબિર ગઈ ૨૪ જાન્યુઆરીના રોજ સેન્ટર ખાતે યોજવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રૂચિ દાખવે અને વિજ્ઞાન ક્ષેત્રે સિદ્ધિ મેળવે તે માટે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સાયન્સ ક્લબના શિક્ષકોની તાલીમ શિબિર યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાના ૬૫ ઈન્ચાર્જ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં કુ. મિલોની શાહે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મીશનની વિવિધ પ્રવૃત્તિઓની માહિતીથી ઉપસ્થિત ઈન્ચાર્જોને વાકેફ કર્યા હતા. શિબિરમાં શાળામાં વર્ષ દરમ્યાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

શિબિરમાં નરેશભાઈ ઠાકર, ભૂતપૂર્વ પી.આર.ઓ. ટ્રસ્ટી અનિલભાઈ પટેલ, સેન્ટરના ઓર્ડિનેટર, હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, મીત પટેલ અનેહરેશ માજીરાણા ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, નીચે ઉતરો, આ જીમનું બીલ વાંચો, વધુ બે ઇંચ કમરનો ઘેરાવો તેનાથી દૂર થઇ જશે...!!

# હંમેશા સંવાદ વધારો, સારી વાતને અરસપરસ વહેંચો અને આ બાબતે અરસપરસ આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવીએ તો જ એ પતિ-પત્ની મિત્ર ભાવ અનુભવી શકે છે

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૨૮**
ડો. ભાવના કે. જોશીપુરા

આજે બાલિકા દિવસ છે અને આ કોલમનો અંક-૨૮ લખી રહી છું. ત્યારે બાલિકાઓ બાબતે સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો મદદરૂપ થઈ શકે કે કેમ? આવો વિચાર આવવાનું કારણ શું છે?

૨૪ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી બાલિકા સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે અને દરેકે દરેક દિવસ બાલિકાઓ સંદર્ભે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અલગ-અલગ બાબતે વિચાર હાથ ધરવામાં આવશે અને બાલિકાઓના સંદર્ભમાં કાર્યક્રમો યોજવામાં આવશે. ખરેખર આખું વિશ્વ બાલિકાઓ સંદર્ભે જાણે કે સફાળે જાગ્યું હોય તેવું લાગે છે. આનું મુખ્ય કારણ એ છે કે સ્ત્રી જગત સંદર્ભે સમાજ સંવેદનશીલ બન્યો હોય તેમ લાગે છે. પરંતુ સંવેદનશીલ બનવાનું કારણ શું? સ્ત્રીઓને સ્પર્શતી બાબતો અને તેમાં પણ ખાસ કરીને સુરક્ષા, કલ્યાણ-વિષયક, કાયદા વિષયક, આરોગ્ય વિષયક અને શિક્ષણથી લઈ સાહસ સુધીના અનેક આયામોમાં મહિલા વિકાસ એ મુખ્ય મુદ્દો રહ્યો છે. એટલું જ નહીં રોજબરોજ વૈશ્વિક લેવલથી લઈ રાષ્ટ્રીય કક્ષાએ, રાજય સ્તરે અને જિલ્લા કક્ષાથી લઈ તાલુકા સુધી તેના પડઘમ સંભળાય છે.

બાલિકાઓના સંદર્ભમાં આ કોલમને અનુસંગીક આપણે જે બાબતની ચર્ચામાં છીએ તે છે ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ. કેટલાકને વળી એમ પ્રશ્ન થાય કે 'સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો- ૨૦૦૫માં સ્ત્રી શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અત્રે એ ખાસ ઉલ્લેખ કરું કે જન્મેલી દિકરીથી લઈને કોઈપણ ઉંમરની સ્ત્રી જાતિ એ સ્ત્રી જ ગણી શકાય. જરાક વિગતવાર આ વાત સમજીએ તો.

લગભગ ચાર દિવસ પહેલા એક જૂના કાર્યકર્તા બહેનનો ફોન આવ્યો. આ કવિતાબેન પૂછતા હતા કે એક સોળ વર્ષની દીકરી ખૂબ જ ભયમાં છે. આ દીકરીએ માતા-પિતાનું ઘર છોડી દીધું છે. આ દીકરી નેહા પોતાના પિતાને ત્યાં જવા માંગતી નથી અને કવિતાબેન તેના માસી થાય છે તેથી કવિતાબેનના ઘરે દોડી આવી છે. કવિતાબેનને પહેલા તો પોતાના પતિની બીક લાગે છે. જો કવિતાબેન પોતાની ભાણેજ નેહાને આશ્રય આપે તો તેણીના પતિ અને સાસુ તેમાં સહકાર આપશે કે કેમ? કોઈપણ પરિણીત સ્ત્રીને પતિ અને સાસુને શું ગમશે અને શું નહી ગમે તેનો ભય હંમેશા સતાવતો હોય છે. શરૂઆતના લગ્નજીવનમાં આ પ્રકારનો ભય વધારે સતાવતો હોય છે. લગ્ન થયા પછી દરેક દીકરી પતિ અને પત્ની પક્ષના કુટુંબીઓને અનુકૂલન સાધવાનો પ્રમાણિક પ્રયત્ન કરતી હોય છે અને તેના ભાગરૂપે આ પ્રકારની એક માનસિકતામાંથી પસાર થતી હોય છે. દરેક સ્ત્રીએ કાલ્પનિક ભયમાં જીવવાની કોઈ જરૂર નથી. કુટુંબના સભ્યો પણ આ જ પ્રકારનું અનુકુલન સાધવાનો પ્રયત્ન કરતા હોય છે પરંતુ પ્રશ્ન એ છે કે એકબીજા અરસપરસ અનુકુલન સાધતા હોય છે તેનો સારી રીતે અરસપરસ સંવાદ કરી શકતા નથી. પરસ્પર સંવાદ નહીં હોવાને કારણે જયારે નાની પણ કોઈ ઘટના કે નાનો અમથો અરે! સાવ અર્થ વગરનો જેને આપણે સાવ નગણ્ય અને નકામી બાબત રહીએ તે બાબતે પ્રશ્ન ઉભો થાય અને છતાં તે બાબતે સંવાદને બદલે સીધો જ વિવાદ ઉભો થાય છે. આ ઉભો થયેલો વિવાદ સમય જતાં કજીયાનું મૂળ બને છે અને સમયાંતરે આવી નાની અને નગણ્ય બાબત વિવાદને આધારે પારીવારીક કલેશમાં પરીણમે છે. વારંવાર આ કોલમમાં ઉલ્લેખ થયેલ છે કે હંમેશા સંવાદ વધારે. સારી વાતને અરસપરસ વહેંચો અને આ બાબતે અરસપરસ આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવીએ તો જ એ પતિ-પત્ની મિત્ર ભાવ અનુભવી શકે છે. સામાન્ય રીતે આપણે બહારના લોકો સાથે વાણી, વર્તન અને વહેવારમાં અતિશય કાળજી રાખતા હોઈએ છીએ અને આપણી સારી છાપ ઉપસાવવાની કોશિષ કરતા હોઈએ છીએ, શું આવું આપણે આપણા પોતાનાં અંગત વ્યક્તિઓ માટે હંમેશા કાળજી રાખી ન શકીએ? એવું લાગે છે કે પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં સુગંધી વાતાવરણ સર્જવા એકબીજા ઉપરનો સમર્પણ ભાવ તો બરાબર પરંતુ સાથે સાથે નાની નાની બાબતમાં વાણી, વર્તન અને વહેવારમાં જો કાળજી રખાય તો ઘણીબધી તકરારો થતી અટકે છે. ખેર! આપણે તો પતિ-પત્નીના સંબંધો, પરસ્પર સંવાદ અને વિવાદની બાબત પર પહોંચી ગયા. ફરીથી આપણે નેહા બાબતે આગળ જોઈએ તો, નેહા ૧૪ વર્ષની ઉંમરે આજુબાજુ અને બહારના છોકરાઓ સાથે બોલે છે. નેહાને કોઈ કહેનાર નથી. નેહાના માતાપિતાને આ બાબત ગમતી નથી પરંતુ નેહાના વર્તન બાબતે ગંભીરતાથી વિચાર કરીને નેહાને સામે બેસાડીને જિંદગીના લેખા જોખા સમજાવવાનું માતા કે પિતા બંને પાસે સમય નથી. માતા છૂટક કામમાં અને રોજિંદા ઘરકામમાં પરોવાયેલી રહે છે અને સાંજ પડે પોતાના થાક સિવાય બીજો વિચાર મગજમાં આવવાને અવકાશ નથી. પિતા કારખાનામાં આઠ કલાક સખત મજૂરી કરીને ઘરે પહોંચે ત્યારે સ્વસ્થ થઈને જમવાની થાળી તૈયારી છે કે કેમ? તેના સિવાય બીજો કોઈ વિચાર પિતાને આવતો નથી. ટૂંકમાં પતિ અને પત્ની રોજિંદા કામની ઘટમાળમાં એટલા બધાં વિટાયેલા છે કે કોઈ ત્રીજી બાબત માટે સમય મળતો નથી. આવી સ્થિતિમાં નેહાને સાચું કોણ સમજાવે?

નેહાને માતાપિતા કંટાળીને દિકરીઓના સુધારણા ગૃહમાં મોકલી આપે છે. પોતાના વિસ્તારમાં રહેતા સામાજિક કાર્યકરની મદદથી પોતાના ગામથી દૂર બીજા કોઈ એક ગામમાં આ દિકરીને સુધારણા અર્થે મોકલી આપવામાં આવે છે. આપણે અગાઉ પણ જણાવેલ છે કે જે દિકરીઓ નાની ઉંમરમાં ગેરમાર્ગે દોરવાઈ જાય અથવા તો કોઈપણ બાબતનો સામાજિક કે કાનૂની પ્રશ્ન ઉભો થાય તેવી દિકરીઓ માટે સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ અસ્તિત્વમાં છે. તેવી જ રીતે આવી દિકરીઓ માટે અનેક સામાજિક સંસ્થાઓ પણ કાર્યરત છે. આવી દિકરીઓને સુધારણા ગૃહમાં મોકલીને ભણાવવાની સાથે તેના જીવનનો માર્ગ સરળ બનાવવાની સતત પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

નેહા લગભગ એક વર્ષ ઉપરાંત આ ગૃહમાં રહે છે, નેહાનો સ્વતંત્ર મિજાજ અને સ્વચ્છંદી સ્વભાવથી ગૃહમાતા થાકીને કંટાળી જાય છે. જુઓ! વિચાર કરો નેહાની માતાને કામ કરવામાંથી સમય મળતો નથી તો ગૃહમાતાને નેહાના વર્તનથી કંટાળો આવી જાય છે. ગૃહમાતા સમાજ સુરક્ષા અધિકારીને કહે છે કે તેણી પોતાના સુધારણા ગૃહમાં નેહાને રાખી શકે તેમ નથી અને તેથી નેહાના માતાપિતાને સામાજિક કાર્યકરની મદદથી રૂબરૂ બોલાવવામાં આવે છે અને નેહા પણ ગૃહમાં રહીને કંટાળી ગઈ છે, તે પણ સમાજિક કાર્યકર માતાપિતા અને સમાજ સુરક્ષાના અધિકારીઓને ખાત્રી આપે છે કે તેણી ઘરે જઈને સારી રીતે રહેશે અને પોતાનું વર્તન સુધારશે. આમ તો નેહાને થોડીક સમજાવટથી અને થોડાક દબાણ હેઠળ સામાજિક સુધારણા ગૃહમાંથી પિતાગૃહે પરત મોકલી આપવામાં આવે છે.

રોજબરોજના કેસોમાં અનેકવાર આવા સામાજિક સુધારણા ગૃહમાંથી દિકરીઓ જતી રહેવાના બનાવો પણ જોવા મળે છે તો વળી સામેપક્ષે સુધારણા ગૃહને ગૃહમાતાની અતિશય ચિવટ, સમજાવટની સતત પ્રક્રિયા અને કાઉન્સીલરોના અથાગ પ્રયત્નોથી અનેક દિકરીઓ પોતાના નીજી જીવનમાં ખૂબ સારી રીતે ગોઠવાઈ જવાના કિસ્સાઓ પણ ઘણાં છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સતત સમજાવટને આધારે વ્યક્તિ કિશોરી હોય, યુવતિ હોય કે પુખ્ત ઉંમરની હોય તેણીને સાચું સમજાવવાની કોશિષ કરો તો સમજે તો છે જ. આવી સમજાવટને અંતે એક દિકરીને જીંદગીમાં સોનાનો સુરજ ઉગ્યાનો આનંદ એ કાઉન્સીલર અને ગૃહમાતા બંનેને મળે છે.

નેહાના કેસમાં ફરીથી શું બન્યું? નેહા ફરીથી ઘર છોડી દે? નેહાના કેસની ચર્ચા સાથે ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ એ બાળકીઓને પણ કેવી રીતે સ્પર્શે છે તેની કાયદાકીય સમજણ અને હા, પરદેશમાં થતાં લગ્નની તકરાર પણ ખરી જ! આ તમામ બાબતો સાથે મળીએ આવતે અંકે...